# ગુજરાત જાહેર સેવા આયોગ

સેકટર-૧૦ / એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## અગત્યની જાહેરાત

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ |
|---|---|---|
| ૧ | ૪૪/૨૦૧૮-૧૯ | આચાર્ય, ગુજરાત કૌશલ્ય તાલીમ સેવા, વર્ગ-૨ |

૧. આ જાહેરાત અન્વયે જેઓએ ઓનલાઇન અરજી કરેલ છે પરંતુ તેઓ એક કે બીજા કારણસર તેઓની અરજી કન્ફર્મ કરવાનું ચૂકી ગયેલ છે, તેવા ઉમેદવારો પોતાની અરજી કન્ફર્મ કરી શકે તે માટે આયોગમાં કામકાજના દિવસોએ તા. ૧૭/૧૧/૨૦૧૮ થી તા. ૨૦/૧૧/૨૦૧૮ દરમિયાન સવારે ૧૧:૦૦ કલાક થી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ઓનલાઇન અરજી કર્યાની પ્રિન્ટ સાથે રૂ. ૧૦૦૦/- રોકડેથી ચૂકવીને પોતાની અરજી કન્ફર્મ કરાવી શકશે.

૨. ઉપરોક્ત જાહેરાત અન્વયે, જે ઉમેદવારોએ આ જાહેરાત સંબંધમાં ઓનલાઇન અરજી કરેલ નથી કે ફકત ONE TIME REGISTRATION (OTR) કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવાની રહેતી નથી.

૩. જે ઉમેદવારોએ ઓનલાઈન અરજીપત્રકમાં ફોટો અને સહી અપલોડ કરેલ નથી તેવા ઉમેદવારોએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ તથા ફોટોવાળું ઓળખપત્ર તથા તેની ઝેરોક્ષ નકલ સાથે લઈને અરજી કન્ફર્મ કરવા આવવાનું રહેશે.

૪. પોસ્ટ ઓફીસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગ ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યાર બાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજી પત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" દર્શાવતું હોય તેવા ઉમેદવારોએ આયોગ ખાતે કામકાજના સમય દરમિયાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરો સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

તારીખ-૧૭/૧૧/૨૦૧૮